

# ગુરુપૂર્ણિમાએ શ્રી ગુરુહરિનાં શ્રીચરણે અર્પણ પ્રાર્થનાપુષ્પ !



**મંદિર** બે પ્રકારનાં છે.
એક મંદિર જે પ્રાકૃતિક તત્ત્વોથી નિર્માણ પામે.
તેના ગર્ભગૃહમાં દિવ્ય મૂર્તિરૂપે સાક્ષાત્ પ્રભુ બિરાજમાન છે.
આ મંદિરમાં પ્રભુનો અખંડ નિવાસ છે,
પ્રભુની પ્રત્યક્ષતા છે !
આવાં મંદિર એ સ્થાવર મંદિર છે.

એક મંદિર એવું પણ છે જે પંચમહાભૂતનું બનેલું છે.
દેહ મનુષ્યનું હોય છે; પરંતુ,
જેની મનની વૃત્તિ અખંડ ભગવાનના સ્વરૂપમાં રહે છે,
જેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહ્યા છે,
જેના અણુએ અણુમાં દિવ્યતાનો વ્યાપ છે,
એવું મનુષ્યશરીર કેવળ શરીર જ નથી; પરંતુ,
એ બ્રહ્મતનુમાં પરબ્રહ્મનું તત્ત્વ
સાકાર રૂપે મનુષ્યાકારે પ્રગટ રહે છે.
આવાં મંદિર તે જંગમ મંદિર છે.




જંગમ મંદિર તે ગુરુ છે, ગુરુહરિ છે !
જેમ સ્થાવર મંદિરમાં પ્રાર્થના થાય છે, પૂજા થાય છે,
ભૂલની કબૂલાત થાય છે, માફી મંગાય છે,
હૃદય દ્રવે છે, ભાવ ઊભરાય છે,
ગુણની યાચના થાય છે, અવગુણ મૂકવા આજીજી કરાય છે,
તેમ ગુરુરૂપ હરિ સન્મુખ પણ
ઉપરોક્ત સર્વ ભાવ, સર્વ પ્રાર્થના અર્પણ થાય છે !

સ્થાવર મંદિરમાં બિરાજમાન પ્રભુ
જેમ ભક્તના ભાવ, ભક્તિ અને પ્રાર્થના સ્વીકારે છે
તેમ જંગમ મંદિર રૂપ ગુરુ અને ગુરુહરિ પણ
સાચા હૃદયથી અર્પણ કરેલી સેવા, ભક્તિ અને પ્રાર્થના સ્વીકારે છે.
જંગમ મંદિર રૂપ ગુરુહરિની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય
તો દોષ માત્ર તત્કાળ ટળી જાય.
આવી પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો સરળતમ્ માર્ગ છે
ગુરુની આજ્ઞાનાં યથાર્થ અને પ્રામાણિક પાલન !

આપણાં શાસ્ત્રોએ ગુરુને
ન કેવળ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર રૂપ કહ્યા છે; પરંતુ,
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ રૂપ છે
તેમ કહી વંદન ધર્યાં છે !

ગુરુરૂપ હરિમાં પ્રગટ જે ભગવાનનાં તત્ત્વ તેના સાંગોપાંગ ધારક
એવા ગુરુની આજ્ઞા એ શિષ્યની આધ્યાત્મિક જીવનદોરી સમાન છે.
ગુરુની આજ્ઞા એ ઈષ્ટનું આચરણ છે, અનિષ્ટનો ત્યાગ છે.
ગુરુની આજ્ઞાનાં પાલનથી અંતરે શાંતિનો પ્રસાર છે,
સમગ્ર તંત્ર શાંત છે-પ્રશાંત છે,
કેવળ પ્રભુમાં તલ્લીનતા છે, મૂર્તિમાં જ વિરામ છે.



તેથી, અખંડ આનંદ છે,
સહજાનંદમાં સમર્પણ છે.
આપણને-પ્રગટના ઉપાસકોને સ્થાવર અને જંગમ
બંને મંદિરોમાં શ્રદ્ધા છે, ભક્તિ છે,
અને તેથી જ પરમ પ્રતિ
આપણી નિશ્ચિત અને નિશ્ચિંત ગતિ છે.
પગલે પગલે નિરાંત છે,
પ્રભુનો દિવ્ય સંગાથ છે.
પ્રભુને પામવાની તત્પરતા છે
પ્રભુમાં પૂર્ણ વિશ્વાસ છે.

આ વર્ષે અષાઢી પૂર્ણિમાની ગુરુપૂર્ણિમાએ
આપણાં હૃદયમાં આ ભાવ સ્થિર થાઓ,
સ્થાવર મંદિરજીમાં બિરાજમાન મૂર્તિરૂપ સાક્ષાત્ પ્રભુ
સાક્ષાત્ સાકાર મૂર્તિ રૂપે ગુરુહરિમાં પ્રગટ છે
તેનો નિર્વિકલ્પ નિશ્ચય આપણા અક્ષરરૂપ આત્મામાં
અવિચલ થાઓ.
ગુરુપૂર્ણિમાએ પ્રગટ ગુરુહરિ સાહેબજીનાં શ્રીચરણે
નતમસ્તકે આપણી વંદના સાથે
આ પ્રાર્થનારૂપી ગંગા અર્પણ છે !

~સા.મ... ~ સાધુ મનોજદાસ